# ડિગ્રી / ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં રાઉન્ડ-૨ દરમ્યાન પ્રવેશ મેળવેલા ઉમેદવારો માટે પ્રવેશ કાયમ (Confirm) કરાવવા બાબતે અગત્યની સૂચના

(૧) જે ઉમેદવારોએ ટ્યૂશન ફી ની રકમ જમા કરાવવાની છે તેવા ઉમેદવારોએ પ્રવેશ સમિતિ દ્વારા નિર્ધારીત સમયમર્યાદામાં જરૂરી ટ્યુશન ફીની રકમ રોકડમાં દેના બેંકની નિર્ધારીત શાખા અથવા ઓનલાઈન જમાં કરાવી ત્યારબાદ ઉમેદવારે પોતાનાં Login ID માંથી **Admission Detail** ઉપર ક્લિક કરી પોતાની “Admission Slip” ની પ્રિન્ટઆઉટ મેળવી લેવી **<u>ફરજીયાત</u>** છે.

(૨) જે ઉમેદવારોની Payment Slip માં શૂન્ય ફી (Zero Fee) દર્શાવેલ હોય તેવા ઉમેદવારોએ બેંકમાં જવાની જરૂર નથી. આવા ઉમેદવારોએ પ્રવેશ સમિતિ દ્વારા નિર્ધારીત સમયમર્યાદામા પોતાનાં Login ID ની મદદથી ઓનલાઈન જ પ્રવેશ કાયમ કરાવવાનો રહેશે. આવા ઉમેદવારો પોતાના પ્રવેશ કાયમ કરાવવા માટે **Result —> Information Letter** ક્લિક કરી **Accept** બટન દબાવવાનું રહેશે અને “Admission Slip” ની પ્રિન્ટઆઉટ મેળવી લેવી **<u>ફરજીયાત</u>** છે. જે ઉમેદવારો **Decline** બટન દબાવશે તેઓનો પ્રવેશ કાયમ થશે નહીં.

**<u>જ્યાં સુધી પ્રવેશ સમિતિ દ્વારા ચાલુ શૈક્ષણિક વર્ષની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા અંગે જાહેરાત કરવામાં ન આવે ત્યાં સુધી ઉમેદવારે સંસ્થા ખાતે કોઈપણ પ્રકારની ફી કોઈ મથાળા હેઠળ ભરવાની રહેશે નહીં.</u>**

પ્રવેશ ફાળવાયેલ ઉમેદવારોએ પ્રવેશ ફાળવાયેલ સંસ્થા ખાતે એનરોલમેન્ટ માટે “Information Letter”, “Admission Slip” બેન્ક ચલણ/ઓનલાઈન ફી રિસિપ્ટ તથા પ્રમાણપત્રોની નકલ સાથે તાત્કાલીક હાજર થવાનું રહેશે.

**<u>ઉમેદવારે સંસ્થા ખાતે અસલ પ્રમાણપત્રો જમા કરવાની જરૂરીયાત નથી અને જો જમાં કરાવશે તો ઉમેદવારની પોતાની સંપૂર્ણ જવાબદારી રહેશે.</u>**

**તા. ૦૫-૧૦-૨૦૧૬** **— મેમ્બર સેક્રેટરી**